# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/185 Dt. 15/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભારત વર્ષના લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'એક દીપસ્તંભ' જનજાગૃતિ સત્ર યોજાયું

### સરદારની જન્મજયંતિએ ગુલામીની માનસિકતા અને નિશાનીઓ મિટાવીએ: શ્રી વિનય પત્રાલે

### સરદાર પટેલનું એક સૂત્ર બહુ સરસ હતું – નિર્ભયી બનો : શ્રી કાનજીભાઇ ભાલાળા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર તા. ૧૨ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ભારત વર્ષના લોહપુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'એક દીપસ્તંભ' જનજાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારત ભારતી સંસ્થાના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ શ્રી વિનય પત્રાલે અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઇ ભાલાળાએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના જીવનદર્શન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે, આઝાદી બાદ એક રાષ્ટ્રની રચના કરનારા લોહપુરુષ સરદાર પટેલ સિવિલ સર્વિસનો પાયો નાખીને શાસન વ્યવસ્થાના પણ આધારસ્તંભ રહ્યા. તેઓ આપણા સૌ માટે આદર્શ છે અને તેમના મહાન વ્યક્તિત્વનું દરેક પાસું આપને પ્રેરણા આપે છે.

ભારત ભારતી સંસ્થાના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ શ્રી વિનય પત્રાલેએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની દૂરદર્શિતા અને જીવનમાં અપનાવા જેવી પાંચ મુખ્ય ક્ષિતિઓ વિશે ઓડિયો–વિઝ્યુઅલનાં માધ્યમથી પ્રેરક

પ્રવચન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબનો દેશ પર બહુ મોટો ઉપકાર છે. સરદાર સાહેબને આ દેશમાં જે ગૌરવ મળવું જોઈતું હતું એ મળ્યું જ નહીં. આઝાદી પછી તેમને ભારત રત્ન છેક ૧૯૯૧માં મળ્યો. તેઓ પીએમ પદને લાયક હતા. ગાંધીજીના શબ્દ ખાતર તેમણે ઉમેદવારી પાછી ખેંચી.

તેમણે કહ્યું હતું કે, સરદારની જન્મજયંતિએ તેમને યાદ કરતી વખતે આપણે ગુલામીની માનસિકતાની રહી ગયેલી નિશાનીઓ પણ દૂર કરવી જોઇએ. સ્વાભિમાન, સમરસતા, સુરક્ષા, પર્યાવરણ–સ્વચ્છ ભારત, નાગરિક કર્તવ્યનું પાલન એ પાંચ સૂત્રો યાદ કરી જીવનમાં ઉતારવા જોઈએ.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઇ ભાલાળાએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના જીવનદર્શન વિશે વાતો કરતા કહ્યું કે, સમગ્ર દેશ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહ્યો છે. દરેક જિલ્લામાં વિચારયાત્રાનું આયોજન થયું છે. તેમણે સરદારની કુનેહ, ત્યાગ–સમર્પણના પ્રસંગો ટાંકયા હતા અને કહ્યું કે સરદાર કયારેય ભૂલી શકાય નહીં. તેમની દૃઢ નિર્ણયશક્તિ, કોઠાસૂઝ, સમર્પણ અને મનોબળના કારણે જ ભારત એક છે. જૂનાગઢને ભારતમાં ભેળવવામાં તેમની ગજબની કોઠાસૂઝના દર્શન દેશને થયા. તેમનું એક સૂત્ર બહુ સરસ હતું–નિર્ભયી બનો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેનો શ્રી પરેશ લાઠિયા અને શ્રી મનિષ કાપડીયાએ વકતાઓનો પરિચય આપ્યો હતો. બંને વકતાઓએ ઉપસ્થિત શ્રોતાગણ સાથે વિચાર ગોષ્ઠિ પણ કરી હતી. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી ચેતન શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.